# અમરેલી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય

મૂળ પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ તથા તેમનો મત વિસ્તાર –**શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી** (રાજુલા)

## અગ્રતાક્રમ – ૦૪

પ્રશ્ન – ૧ સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં **તાલુકાવાર** કેટલી અરજીઓ મળી**,** કેટલી **અરજીઓ મંજુર** કરવામાં આવી અને કેટલી **સહાય** ચુકવવામાં આવી ? (હિરાભાઈ સોલંકી)

પ્રશ્ન – ૨ **અમરેલી જિલ્લામાં** સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં **છેલ્લા પાંચ વર્ષમાં** કેટલી અરજીઓ **મંજુર** કરવામાં આવી અને કેટલી **સહાય** ચુકવવામાં આવી ? (જે. વી. કાકડીયા)

પ્રશ્ન – ૩ સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં રાજ્યનો **ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક** કેટલો છે**,** અત્યાર સુધી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી સહાય આપવામાં આવેલ છે. (કે. સી. રાઠોડ)

પ્રશ્ન –૪ સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં **સમગ્ર રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં** કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી ?

# 4

**અમરેલી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

∗15/4/1324: **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી**(રાજુલા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) | ૩૨૬ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૩૨૬ |
| (૩) | તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ. ૧૬.૩૦ લાખ |

\------------------

**પ્રશ્ન – ૧** સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં **તાલુકાવાર** કેટલી અરજીઓ મળી, કેટલી **અરજીઓ મંજુર** કરવામાં આવી અને કેટલી **સહાય** ચુકવવામાં આવી ?

**જવાબ : માન. અધ્યક્ષશ્રી**, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ,

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | ચુકવેલ સહાય |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૫૩ | ૨.૬૫ લાખ |
| ૨ | લાઠી | ૩૨ | ૧.૬૦ લાખ |
| ૩ | લીલીયા | ૧૩ | ૦.૬૫ લાખ |
| ૪ | બાબરા | ૨૪ | ૧.૨૦ લાખ |
| ૫ | ધારી | ૩૩ | ૧.૬૫ લાખ |
| ૬ | બગસરા | ૩૨ | ૧.૬૦ લાખ |
| ૭ | કુંકાવાવ | ૪૩ | ૨.૧૫ લાખ |
| ૮ | સાવરકુંડલા | ૫૦ | ૨.૫૦ લાખ |
| ૯ | ખાંભા | ૮ | ૦.૪૦ લાખ |
| ૧૦ | રાજુલા | ૧૯ | ૦.૯૫ લાખ |
| ૧૧ | જાફરાબાદ | ૧૯ | ૦.૯૫ લાખ |
| કુલ | | **૩૨૬** | **૧૬.૩૦ લાખ** |

**નોંધ –** વ્યક્તિગત **રૂ.૫૦૦૦/–ની સહાય** DBT **દ્વારા ચૂકવવામાં આવે છે.**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન – ૨** **અમરેલી જિલ્લામાં** સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં **છેલ્લા પાંચ વર્ષમાં** કેટલી અરજીઓ **મંજુર** કરવામાં આવી અને કેટલી **સહાય** ચુકવવામાં આવી ?

| **ક્રમ** | **વર્ષ** | **મંજુર કરેલ અરજીઓ** | **ચુકવેલ સહાય** |
|---|---|---|---|
| **૧** | **૨૦૧૯–૨૦** | ૨૯૧ | ૧૪.૫૫ લાખ |
| **૨** | **૨૦૨૦–૨૧** | ૨૧૨ | ૧૦.૬૦ લાખ |
| **૩** | **૨૦૨૧–૨૨** | ૪૦૮ | ૨૦.૪૦ લાખ |
| **૪** | **૨૦૨૨–૨૩** | ૩૪૪ | ૧૭.૨૦ લાખ |
| **૫** | **૨૦૨૩–૨૪ (ડીસેમ્બર–૨૩ અંતિત)** | ૨૦૪ | ૧૦.૨૦ લાખ |
| **કુલ** | | **૧૪૫૯** | **૭૨.૯૫ લાખ** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન – ૩** સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં રાજ્યનો **ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક** કેટલો છે**,** અત્યાર સુધી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી સહાય આપવામાં આવેલ છે.

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં **ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક કુલ -૧૪,૦૦૦** છે. અને અત્યાર સુધી **૭,૭૯૮** અરજીઓ મંજુર કરવામાં આવી અને **રૂ.૩૮૯.૯૦ લાખ**ની સહાય ચુકવવામાં આવી.

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન –૪** સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં **સમગ્ર રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં** કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી ?

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

| **ક્રમ** | **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** | **મંજુર કરેલ અરજીઓ** |
|---|---|---|---|
| **૧** | **૨૦૧૯–૨૦** | **૩૭૨.૭૫** | **૭૪૫૫** |
| **૨** | **૨૦૨૦–૨૧** | **૨૭૬.૫૫** | **૫૫૩૧** |
| **૩** | **૨૦૨૧–૨૨** | **૫૧૨.૯૫** | **૧૦૨૫૯** |
| **૪** | **૨૦૨૨–૨૩** | **૪૬૮.૪૫** | **૯૩૬૯** |
| **૫** | **૨૦૨૩–૨૪ (ડીસેમ્બર–૨૩ અંતિત)** | **૩૮૯.૯૦** | **૭૭૯૮** |
| **કુલ** | | **૨૦૨૦.૬૦** | **૪૦૪૧૨** |

**(રૂ.૨૦ કરોડ ૨૦ લાખ ૬૦ હજાર)**

**મુખ્ય પેજ પર જવા માટે**

## પૂરક નોંધ

## સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના

**હેતુ**

- અનુસૂચિત જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે કુટુંબમાં સભ્યનાં મૃત્યુના પ્રસંગે મૃતકના પાર્થિવદેહની અંત્યેષ્ટિ માટે / મરણોત્તર ક્રિયા માટે અર્થાત કફન – કાઠિના ખર્ચને પહોંચી વળવા માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે.

**યોજનાની શરૂઆત**

- આ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૦થી શરૂ થયો છે.

**સહાયની વિગત**

આ યોજના હેઠળ રૂ. ૫૦૦૦/–ની સહાય DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા ચૂકવવામાં આવે છે.

## પાત્રતાના માપદંડો

- અરજદારશ્રી અનુસૂચિત જાતિના હોવા જોઈએ.
- વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્ય / શહેરી વિસ્તાર માટે રૂ.૬,૦૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.
- મૃત્યુના છ માસની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે.
- અવસાન પામેલ વ્યક્તિના મૃત્યુ અંગેનું **"મરણ પ્રમાણપત્ર"** રજૂ કરવાનું રહેશે.
-

## અરજી સાથે રજૂ કરવાના આધાર પુરાવા:-

- સક્ષમ અધિકારીશ્રીનો આવક / જાતિનો દાખલા
- બેંક પાસબુકની ઝેરોક્ષ
- રહેઠાણનો પુરાવો
- આધારકાર્ડ
- અવસાન પામેલ વ્યક્તિના મૃત્યુનુંસક્ષમ અધિકારીશ્રીનું મરણ પ્રમાણપત્ર

**કાર્ય પદ્ધતિ:–**

- વારસદારે મૃત્યુ થયાના છ માસના સમયગાળામાં નિયત નમૂનામાં ઓનલાઈન http://esamajkalyan.gujarat.gov.in પર અરજી કરવાની રહેશે.
- સંબંધિત જિલ્લાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા ચકાસણી કરી, તેઓના અભિપ્રાય સાથે અરજદારશ્રીઓની અરજીઓ ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને તથા શહેરી વિસ્તાર માટે જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણને મોકલવામાં આવે છે.
- જિલ્લા કક્ષાએ અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને રૂ.૫૦૦૦/– ની સહાય DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા ચૂકવવામાં આવે છે.

## યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગત

- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – પરચ –૧૦૯૯/ ન.બા.૩૩/ગ, તા.૧૦/૧૧/૨૦૦૦**

- આ યોજના **"સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના"** તરીકે ઓળખાશે
- અનુસૂચિત જાતિના જે લોકોની વાર્ષિક આવક રૂ. ૧૫૦૦૦/– થી વધતી ના હોય તેવા લોકોને કુટુંબના સભ્યના મૃત્યુ પ્રસંગે અંત્યેષ્ઠિ – મરણોત્તર ક્રિયા માટે અર્થાત કફન–કાઠીના ખર્ચને પહોંચી વળવા માટે આ યોજના હેઠળ રૂ. ૧૦૦૦/– નાણાંકીય સહાય આપવામાં આવશે.
- અરજદાર લાભાર્થીએ તેના કુટુંબની વ્યક્તિના મરણ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારમાં તલાટી–કમ–મંત્રી અને શહેરી વિસ્તારમાં નગરપાલિકાના મુખ્ય અધિકારીનું મરણ અંગેનું પ્રમાણપત્ર – દાખલો રજૂ કરવાનું રહેશે.
- આ યોજનાનો લાભ લેવા માટે અરજદારે જે તે જિલ્લાના જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ –૧) તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)ને અરજી કરવાની રહેશે.
- આ યોજના હેઠળ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ –૧) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) દ્વારા જિલ્લા કક્ષાએ જે તે તાલુકા વિકાસ અધિકારી હસ્તક આ યોજનાની એડહોક ગ્રાન્ટ મૂકવામાં આવશે. જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ –૧)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)એ અરજી મંજૂર કરી તેની જાણ જે તે તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે. તાલુકા વિકાસ અધિકારી તેમના હસ્તક મૂકેલ એડહોક ગ્રાન્ટમાંથી નાણાંકીય સહાય ચૂકવશે.
- તાલુકા કક્ષાએ આ યોજનાની સઘળી કામગીરી તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકે કરવાની રહેશે.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – પરચ –૧૦૯૯ / ન.બા.૩૩ / ગ, તા.૨૯/૦૧/૨૦૦૩**

- આ યોજનામાં વર્ષ ૨૦૦૧–૨૦૦૨ના બજેટમાં બીસીકે–૬૭ ન્યુક્લીઅસ બજેટ હેઠળ રૂ. ૨૦–૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ તેમાં "અંત્યેષ્ટિ" માટે રૂ. ૧૫–૦૦ લાખની સહાય એમ સુધારો કરવામાં આવે છે.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – પરચ –૧૦૨૦૦૬ – ન.બા.૨૪ – ગ, તા.૨૩/૦૩/૨૦૦૭**

- અનુસૂચિત જાતિના ઈસમોને અંત્યેષ્ટિ માટે આપવામાં આવતી રૂ.૧૦૦૦/–ની સહાયમાં વધારો કરી રૂ.૨૫૦૦/–ની સહાય કરવામાં આવે છે.
- આ યોજના અંગેનુ ખર્ચ તા. ૧–૪–૨૦૦૭થી કરવાનું રહેશે.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – પરચ –૧૦૨૦૦૬ – ન.બા.૨૪ – ગ, તા.૨૩/૦૩/૨૦૦૭**

- આ યોજના હેઠળ ઠરાવની હાલની શરત નં.૫માં સુધારો કરી હવે પછી જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી (વર્ગ –૧), જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પં),એ તાલુકા વિકાસ અધિકારી હસ્તક એડહોક ગ્રાન્ટ મૂકવાની રહેશે નહિ પરંતુ આ યોજના હેઠળ શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (વર્ગ–૧) અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પં)એ અરજદારની અરજી મંજુર કરી અરજદારને ચેકથી સીધી (DIRECT) સહાયની ચૂકવણી કરવાની રહેશે.

- આ યોજના હેઠળ લાભાર્થીએ કુટુંબના સભ્યના મૃત્યુ બાદ અરજી કરવા માટે હાલમાં કોઈ સમય મર્યાદા નથી, તેમાં સમય મર્યાદા નક્કી કરીને, હવે ૬ (છ) માસમાં અરજી કરવાની રહેશે. તેવું ઠરાવવામાં આવે છે.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – અજક –૧૦૨૦૧૨ – ૨૧૧૫૬૩૪ – ગ, તા.૩૦/૦૪/૨૦૧૨**

- મરણોત્તર ક્રિયા માટે કફન–કાઠી સહાય યોજનામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ. ૧૫,૦૦૦/– છે. તેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૭,૦૦૦/–અને શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬,૦૦૦/– નક્કી કરવામાં આવે છે.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક –સશપ/૧૦૨૦૧૪/ ૪૩૮ / અ.૧, તા.૦૭/૦૮/૨૦૧૪**

- અગાઉની આવક મર્યાદામાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/–અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/–નક્કી કરવામાં આવે છે.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક –SCW /૧૦૨૦૧૩ / ૭૮૪૨૫૮ / ગ, તા.૦૮/૦૮/૨૦૧૪**

- અનુસૂચિત જાતિના ઈસમોને અંત્યેષ્ટિ માટે આપવામાં આવતી રૂ.૨૫૦૦/–ની સહાયમાં વધારો કરી રૂ.૫૦૦૦/–ની સહાય કરવામાંઆવે છે.

- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – સશપ /૧૦૨૦૧૪ / ૪૩૮ / અ.૧, તા.૨૪/૧૦/૨૦૧૭**
    - અગાઉની આવકમર્યાદામાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/–નક્કી કરવામાં આવે છે.

- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ઠરાવ ક્રમાંક – SJED / ASO / e-FILE / 172022 / 0052 / G, તા.૦૨/૧૧/૨૦૨૨**
    - અગાઉની આવક મર્યાદામાં વધારો કરીને ગ્રામ્ય / શહેરી વિસ્તાર માટે રૂ.૬,૦૦,૦૦૦/– નક્કી કરવામાં આવે છે.